
# બધાની કાળજી રાખનાર રેખાબેન અને દર્દીની કાળજી રાખનાર જીગ્નેશભાઈ

ભારતીય વૈજ્ઞાનિક નો કોવીડ 19 આહવાનને પ્રતિસાદ
એક સ્વયંસેવક સમૂહ

IndiSciCovid

https://indscicov.in/



Indian Scientists' Response to COVID-19

પંકજ ગાંધી આજે ખુશ છે . દસ દિવસ પછી આજે એની કિરાણાની દુકાનનું શટર ખુલ્યું! છેલ્લા દસ દિવસ જાણે દસ વર્ષ જેવા આકરા ગયા. જ્યારે લોકડાઉન શરુ થયું ત્યારે પંકજ ને કહેવામાં આવેલું કે કિરાણાની દુકાન અગત્યની સેવા માં ગણાય એટલે ખુલ્લી રાખી શકાશે. પણ પેહલા દિવસેજ હવાલદારે પંકજને ટોકયો . પંકજે સમજાવવાની ઘણી કોશિશ કરી પણ પોલીસે તેની વાત સાંભળી નહિ એટલે છેવટે પંકજે દુકાન બંધજ રાખી.

આમેં દુકાન સુધી પોહચવું એટલે સ્કૂટર પર જવું પડે અને એમાં પોલીસ તો સ્કૂટર પર ફરતા લોકોને પકડવા તૈયાર જ હોય !

પંકજની દુકાનની ગલી એકદમ સાંકડી અને એમાં 10 બાય 12 ફીટની નાની ચાર દુકાનો. એક જાવેદની ચપ્પલની, બીજી મિત્તલ ભાઈની રેડીમેડ કપડાની, બાજુમાં નાયર કાકાનો ફેન્સી સ્ટોર અને ચોથી પંકજની દુકાન. આ દુકાનમાં એક વ્યક્તિ મુશ્કિલથી અંદર ઉભી રહી શકે એટલે બધાએ નક્કી કર્યું કે દુકાન બંધ રાખવા સિવાય પર્યાય જ નથી. ઉપ્પરના માળની ત્રણ દુકાન જેમાં ઇન્ટરનેટ સેંટર, ફોટો સ્ટુડિયો અને એસ્ટેટ એજન્ટ જેમ-તેમ ગાડું ચલાવતા પણ લોકડાઉન પછી અમેનો ધંધો સાવ ઠપ્પ થઈ ગયો છે . પંકજની પરિસ્થિતી એમના પ્રમાણે સારી જ હતી.




પંકજની મેહનતથી એની દુકાન સારી ચાલતી.  સવારથી રાત પંકજ દુકાન સંભાળે,  બપોરે ઘરે જમવા જાય ત્યારે એનો અઢાર વર્ષનો દીકરો જતીન દુકાન સંભાળે. ઘણા શ્રીમંત ગ્રાહકો પંકજને  ફોન પર ઓર્ડર આપતા તો એમનો સામાન ઘરે પોહચાડવાનું કામ જતીન  કરતો.

બે દિવસ પેહલા  જેવી લોકડાઉનની ખબર આવી એટલે તરતજ પંકજ પોલીસ સ્ટેશન જઈને દુકાન ખુલ્લી રાખવાની પરવાનગી લઇ આવ્યો.  ઇન્સ્પેક્ટર સાહેબે પંકજને  પરવાનગી સાથે લોકડાઉન વખતે પાળવાના નિયોમોની સૂચિનું ફરફરીયું પણ આપ્યું.

હવે પંકજ અને જતીન નીચે આપેલા નિયમો  મુજબ દુકાન ચલાવે છે.

1. દુકાનમાં પંકજ અને જતીન બન્ને  હાજર હોય તો ફક્ત એક જ ગ્રાહક અંદર જઈ શકે.

2. દુકાનમાં ભીડ ના હોવી જોઈએ એટલે પંકજે ચોકથી દુકાન ની બહાર લાઈન બનાવી હતી પણ એ ભૂંસાઈ ગઈ. હવે પંકજે એક મોટું પાટિયું લગાવી દીધું જેમાં ગ્રાહકોને એકબીજાથી 6 ફુટના અંતરથી લાઇનમાં ઉભા રહેવાની કડક સૂચના આપવામાં આવી છે. જતીન વારંવાર ગ્રહોકને દૂર દૂર  ઊભા રહવાનું કહે છે.



3. પેહલા તો હંમેશા પંકજ સામાન મોટી માર્કેટથી લઇ આવતો પણ હવે તો માર્કેટ જવાનું શક્ય નથી કારણ કે બસ અને સ્કૂટર વાપરવા પરવાનગી નથી. એટલે હવેથી પંકજ નાના સ્તરના વ્યાપારી રાજુ દેઢિયા પાસેથી સામાન ખરીદવાનું શરુ કરી દીધૂ. રાજુ ટેમ્પોથી સામાન આપી જાય છે . સામાન ઉતારતી વખતે પંકજ અને રાજુ સુરક્ષિત અંતર રાખીને સામાનની લેણદેણ કરે છે.

4. પંકજ દુકાનમાં માસ્ક પહેરીને કામ કરે છે. દરરોજ માસ્ક ધોઈને ફરી વાપરે છે. પંકજ પાસે હાથમાં પેહ્રવાના મોજા અને કોટ નથી કારણકે રાજકોટની ગરમીમાં કોટ અને મોજા કોણ પેહરે? પણ ગ્રાહકો સાથે વ્યવહાર કરતી વખતે તો ફરજીયાત માસ્ક પહેરી રાખે છે.

5.પેપર માં ખબર આવી હતી કે સાબુનું પાણી કોરોના વાયરસને નષ્ટ કરવા માટે અસકારકારક છે. એટલે પંકજે સાબુના પાણીની આખી બાલદી દુકાનની બહાર રાખી છે. દુકાનના ટેબલ, પાટિયા, દરવાજો અને બારી તે વારંવાર સાબુના ફદ્દાથી સાફ કરે છે.

6. પંકજે સાવચેતી માટે નક્કી કર્યું કે જેને ઉધરસ/ખાંસી હોય તે વ્યક્તિ ને દુકાન માં પ્રવેશ નહિ આપવામાં આવે. એ વ્યક્તિને બહાર ઉભા રહીને સમાન આપવામાં આવશે. જતીન પણ આ બાબતની કાળજી લે છે.



7. ઘણા જુના ગ્રાહકોએ પંકજને ઘરે સામાન મોકલવાની માંગણી કરી હતી . જતીનને તો બહાર જવું ગમે એટલે એ તો ખુશ થઈને સામાન પોહ્ચાડવા તૈયાર હતો. પણ પંકજને ચિંતા થઈ કે કોઈનો ચેપ જતીનને લાગી જાય તો? ઘણો વિચાર કર્યા પછી પંકજે કચવાતા મને હા પાડી. એણે પણ જતીનને સમજાવ્યું કે ડિલિવરી માટે દૂર સુધી જવાની જરૂર નથી. આસપાસના ઘર સુધી જ ડિલિવરી કરવાની . જતીન પણ સમજદારી પૂર્વક સાયકલ પર હંમેશા માસ્ક પહેરીનેજ સામાન આપવા જાય છે. પંકજે ગ્રાહકોને સૂચના આપી છે કે એમણે ઘરની બહાર આવી સામાન લેવો અને પૈસા એક કવર માં રાખીને જતીનને આપવા. જતીનને ઘરની અંદર જવાની સખત મનાઈ કરી છે. પંકજને ડર છે કે જતીનની તબિયત ખરાબ થશે તો હોમ ડિલિવરી તો શું આખી દુકાનજ બંધ કરવી પડશે એટલે સાવચેતી લેવી જરૂરી છે.



પંકજની દુકાનના બિલ્ડીંગમાં એક સાર્વજનિક શૌચાલય છે જે એક્દુમ નાનું અને ગંદુ છે. છેલ્લા દસ દિવસથી મકાન માલિકે લાઈટ અને પાણી બંધ કરી દીધા છે એટલે ખુબ ગંધાય છે. નળમાંથી પાણી તો કોફી જેવા ભૂખરા રંગનું આવે છે. પંકજ આજે મકાન માલિકને કહેવાનો છે કે મારી દુકાન ચાલુ છે એટલે લાઈટ અને પાણી ચાલુ કરી દો.

પંકજે સમજદાર છે અને એને ખબર છે કે આવી મુશ્કેલી ના સમયે ગ્રાહકોને કિરાણા પોહચાડવાની તેની ફરજ છે. અને સાથે સ્વચ્છતાના નિયમનું કડક પાલન કરવું પણ બહુ મહત્વનું છે - પોતા માટે અને ગ્રાહકો માટે પણ. પંકજ ને ખાતરી છે કે જો તે સાવચેતી રાખશે તો પોતાના કુટુંબને અને દુકાનને સાફ -સુથરી અને કોરોના મુક્ત રાખી શકશે અને ધંધો પણ ચાલુ રાખી શકશે.

વૈજ્ઞાનિક સુત્રોથી તૈયાર કરેલી કોવિડની માહિતી સર્વસામાન્ય લોકો સુધી પહોચાંવોનો અમારો ઉદ્દેશ છે. વાંચકોને અધિક માહિતી જોઈતી હોય તો ઈન્ટરનેટ પર www.indscicov.in મેળવી શકે છે.

